ખેડબ્રહ્મામાં લગ્ન કરાવવાના બહાને રૂ. ૫૦,૦૦૦ની છેતરપીંડી

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મામાં એક કુવારા યુવાનનાં લગ્ન કરાવવા માટે દલાલે રૂ. ૫૦,૦૦૦ લઈ એક પરિવાર સાથે વિશ્વાસઘાત સાથે છેતરપીંડી કરતાં ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં દલાલ વિરૂદ્ધ ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્માની ગણેશ સોસાયટીમાં આશાબેન નરેશભાઈ શાહ તેમના પરિવાર સાથે રહે છે અને તેમનો કુવારો દિકરો હિતેષ ખેરોજ પાનબીડીનો ગલ્લો ધરાવે છે. હીતેષના લગ્ન બાબતે વડાલી તાલુકાના ખરાડી કંપાના કચરાભાઈ સવજીભાઈ ઝાલા આ પરિવારના સંપર્કમાં આવ્યા હતા અને આશાબેનને કચરાભાઈ ઉપર વિશ્વાસ બેસતા હિતેષના લગ્ન કરાવવા રૂ. ૭૦,૦૦૦માં સોદો થયો હતો. કચરાભાઈ ઝાલાએ બંને પરિવારોની મુલાકાત કરાવી હતી અને છોકરીના વાલી ખેડબ્રહ્મા આશાબેનના ઘરે આવી ગયા હતા અને કચરાભાઈ ઘેર આશાબેનનો પરિવારે જઈ છોકરી પસંદ કરી હતી. ત્યારબાદ કચરાભાઈએ છોકરીના કપડાં માટે રૂ. ૨૫,૦૦૦ તથા લગ્ન ખર્ચ માટે રૂ. ૨૫,૦૦૦ મળી રૂ. ૫૦,૦૦૦ લીધા હતા. ત્યારબાદ લગ્નની તીખ નક્કી કરવા આશાબેન તથા તેમના દિકરા કચરાભાઈને મોબાઈલ ઉપર સંપર્ક કરવાનો પ્રયત્ન કરતા હતા પણ કચરાભાઈ ફોન ઉપાડતા ન હતા તેથી આશાબેન સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત થયાનું લાગતા તા. ૧૭ મે ના રોજ આશાબેને કચરાભાઈ ઝાલા વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. ચલાવી રહ્યા છે.

મોડાસામાં વાઈફાઈ સીટી નેટવર્કનો ફીયાસ્કો

પ્રથમ ગ્રાસે જ મક્ષિકા : ગ્રાહકે સેવા મેળવવી હોય તો ટાવર પાસે જઈ ઉભા રહેવુ પડે છે : સોસાયટીમાં કનેકટીવીટી ના મળતા લોકો માં ભારે કચવાટ

મોડાસા, તા.૧૮

મોડાસા દેશ નુ પ્રથમ વાઈફાઈ સીટી ની મોટા પાડે જાહેરાત કરવામાં આવી હતી જયારે આ જહેરાત અરવલ્લી જીલ્લા માં પ્રથમ વખત આવેલા મહિલા મુખ્યમંત્રી આનંદી બહેન પટેલ ના ધ્વારા કરવામાં આવી હોવા છતાં પણ શહેર ની અકેકેય સોસાયટી માં કનેકટીવીટી મળી શકતી નથી પરીણામે ગ્રાહકો માં ભારે કચવાટ ભો થયો છે જો કોઈ ને આ વાઈફાઈ ની સુવિધા નો લાભ લેવો હોય તો મુખ્યમાર્ગો પર લગાવેલા ટાવરો પાસે જઈને ભા રહેવુ પડે છે હાલ મોડાસા શહેર માં આ સેવા નો લાભ લેવા ૪૫૦ જેટલ ગ્રાહકોએ ફોર્મ ભર્યા છે પરંતુ આ સુવિધા નામ પુરતી જ મળતી હોય ફીયાસ્કો થયો છે

મોડાસા શહેર વાઈફાઈ બને તે માટે લાખો રૂપીયાનો ખર્ચો કરવામાં આવ્યો છે દેશ માં પ્રથમ વાઈફાઈ સીટી ની મસમોટી જાહેરાતો કરવામાં આવી હતી પરંતુ જાણે કે તંત્ર ની આ મસમોટી વાતનો ફુગ્ગો ફુટી ગયો છે ૪૫૦ થી વધુ ગ્રાહકોએ આ સેવાનોલ લાભ લેવા હોશે હોશે ફોર્મ ભરેલા છે અને લોકો ને આશા બંધાઈ હતી કે ઘેર બેઠા હવે વાઈફાઈ ની સુવિસ્ધા મળશે પરંતુ સેવાઓ શરૂ થતાં લોકો ને આશાઓ પર પાણી ફરી વળ્યુ હોય તેમ હાલ મોડાસા માં વાઈફાઈ સેવા શરૂ તો થઈ છે પરંતુ નામ પુરતી જ છે શહેર માં આવેલી એક પણ સોસાયટી માં વાઈફાઈની સુવિા મળતી નથી નગરપાલિકા ધ્વારા સંચાલ્ત એવી આ સેવા મેળવવી હોય તો લોકોને જાહેર માર્ગો પર લગાવેલા ટાવર પાસે જવુ પડે છે મોડાસા ના મુખ્ય માર્ગો પર ૨૨ જેટલા ટાવરો લગાવેલા છે તેના ૩૦૦ મીટર ના વિસ્તાર માં જ કનેકટીવીટી મળી રહી છે અને તે પણ નામ પુરતી સ્પીડ માં જો કોઈ ગ્રાહકને વાઈફાઈ ની સુવિધા મેળવવી હોય તો ટાવર પાસે જઈને ઉભા રહીને લ્હાવો લેવો પડે આ સીવાય સેવા મેળવીશકાતી નથી

લાખો રૂપીયાનુ આંધણ કર્યા બાદ ખાલી કહેવા પુરતી વાઈફાઈ સેવા બની રહી રહેતા મોડાસા વાસીઓ માં રોષ ભભુકી ઉઠયો છે શહેર માં અન્ય વિકાસ ના કામો કરવાને બદલે વાહ વાહ મેળવવા પાલીકાએ વાઈફાઈ પાછળ આટલો બધો ખર્ચો કર્યો અને પરીણામ શુન્ય મળતા આવા નિર્ણયો હાસ્યાસ્પદ લાગે છે મુખ્યમંતરી આગળ વટ પાડવા મોડાસા દેશ નુ પ્રથમ વાઈફાઈ શહેર ની જાહેરાતો કરાઈ હતી તે પોકળ સાબીત થઈ છે.

પાલનપુરના લાલાવાડામાં ધોળે દિવસે યુવકની હત્યા

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૧૮

બનાસકાંઠા જિલ્લામાં ગુનાખોરી ચિંતાજનક હદે વધી રહી છે. પોલીસની નિષ્ક્રિયતાને પગલે ગુનાખોરી વકરતી જતી હોવાની ગવાહી પુરી પાડતા એક બનાવમાં પાલનપુર તાલુકાના લાલાવાડા ગામમાં ધોળે દહાડે એક યુવકની કમકમાટીભરી હત્યા થતા ચકચાર મચી જવા પામી હતી.

પાલનપુર તાલુકાના લાલાવાડા ગામ પાસે એક અજાણ્યા યુવકની હત્યા થતા ચકચાર મચી ગઈ હતી. દિન દહાડે ભર બપોરે એક અજાણ્યા યુવકને પેટમાં તીક્ષ્ણ હથિયારના ઘા મારવામાં આવતા તેના આંતરડા પણ બહાર નીકળી ગયા હતા. જેને ૧૦૮ મારફતે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાં ટ્રોમા સેન્ટરના તબીબોએ તેને સ્વીપરોને હવાલે છોડી દેતા તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. દરમિયાન, પોલીસે ઘટનાસ્થળે જઈ મર્ડર કરનાર એક આરોપીને ઝડપી લીધો હતો. કહેવાય છે કે, મૃતકનું તેના સાળા અને સસરાએ ભેગા મળી હત્યા કરી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

પાલનપુર સિવિલનો સ્ટાફ માનવતાહીન બન્યો

લાલાવાડા ખાતે અજાણ્યા યુવકની હત્યાને પગલે આજે પાલનપુર સિવિલના ટ્રોમા સેન્ટર ખાતે જોવા મળેલા દંશ્યો સિવિલના કથળતા જતા વહીવટની ગવાહી આપતા હતા. તિક્ષ્ણ હથીયાર વડે ઘાયલ યુવક જ્યારે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હતો ત્યારે ફરજ પરના મહીલા તબીબ સહિતનો નર્સીંગ સ્ટાફે કોઈ ગંભીરતા દાખવી નહતી. ફરજ પરના સ્વીપરોના હવાલે ઈજાગ્રસ્તને છોડી દેતા તેઓએ માત્ર પ્રતિકાત્મક સારવાર હાથ ધરી હતી. જેના પગલે તે યુવકે દમ તોડી દીધો હતો. ગતરોજ જેગોલની ઘટનામાં પણ તબીબો અને સ્ટાફની લાપરવાહી નજરે પડી હતી. ત્યારે આજે ફરીવાર આ ઘટનાનું પુનરાવર્તન થયું હતું. આમ, તગડો પગાર લેવા છતાં તબીબો સહીતના સ્ટાફે માનવતા નેવે મુકતા સિવિલની લાલીયાવાડી ચર્ચાસ્પદ બની હતી. ત્યારે જિલ્લાના જ રાજ્યના આરોગ્યમંત્રી શંકર ચૌધરી સિવિલના સ્ટાફને માનવતાના પાઠ ભણાવશે ખરા ???

બનાસકાંઠામાં ડ્રાઈવિંગ લાઈસન્સ અને એક યુનિક કોડ આપવામાં આવશે

પાલનપુર, તા. ૧૮

ગુજરાત સરકારના નિર્ભય સવારી કાર્યક્રમને બનાસકાંઠા જિલ્લામાં અનોખી રીતે ઉજવણી કરવાના હેતુથી બનાસકાંઠા જિલ્લામાં ડ્રાઈવિંગ લાઈસન્સ વગર રિક્ષા ચલાવતા રિક્ષાચાલકો માટે ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ વાર ખાસ ડ્રાઈવિંગ લાઈસન્સ કેમ્પનું આયોજન કરી તેમને લાઈસન્સ અપાવવામાં આવશે અને દરેક રિક્ષા ચાલકને તેની રિક્ષા પર એક ઓળખ

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પણ આપવામાં આવશે.

આ કાર્યક્રમના ભાગરૂપે આજે પશ્ચિમ પોલીસ સ્ટેશન મુકામે પાલનપુર શહેરના રિક્ષા ચાલકો જોડે એક બેઠક યોજવામાં આવી હતી. જેમાં રિક્ષા ચાલકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ રિક્ષા ચાલકોને ડ્રાઈવિંગ લાઈસન્સ અપાવવા માટે નિઃશુલ્ક કોમ્પ્યુટર તાલીમ, પરીક્ષાનું મટેરિયલ તેમજ ઓનલાઈન ફોર્મ સબમશીનનું કામ સદભાવના ગ્રુપ દ્વારા નિઃશુલ્ક કરવામાં આવશે.

ગુજરાત સરકારના આ નિર્ભય સવારી કાર્યક્રમ અંતર્ગત મુસાફરોને સલામત સવારી અને ગુનાહખોરી ઘટાડી રિક્ષા ચાલકો પણ સરળતાથી ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવીને કાયદાનું પાલન કરી રિક્ષા ચલાવે એ હેતુ છે.

આ કાર્યક્રમ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલ હતો જેમાં ડી.વાય.એસ.પી. પરમાર, સદભાવના ગ્રુપના ચેરમેન હરેશ ચૌધરી પશ્ચિમ પીઆઈ મેવાડા, એસઓજી પીઆઈ એમ.બી. વ્યાસ હાજર રહ્યા હતા.

મોડાસાના દુર્ગાવાહીના શૌર્ય પ્રશિક્ષણ વર્ગમાં પ્રવિણ તોગડીયાએ મુલાકાત લીધી

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સુવર્ણ જયંતિ નિમિત્તે વિવિધ સામાજીક અને ધાર્મિક સંસ્થાગત કાર્યક્રમો હાથ ધર્યા છે. જેમાં મોડાસા શહેરમાં કચ્છ કડવા કન્યા છાત્રાલયમાં વીએચપી દ્વારા ઉત્તર ગુજરાતના ૨૦ જિલ્લાની દુર્ગાવાહિનીનો શૌર્ય પ્રશિક્ષણ વર્ગનું સાપ્તાહીક આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય કાર્યોધ્યક્ષ ડૉ. પ્રવિણ તોગડીયાએ હાજરી આપી હતી.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી કચ્છ કડવા કન્યા છાત્રાલયમાં તા. ૧૪ મે ગુરૂવારથી શરૂ થયેલા અને ૨૦ જિલ્લામાંથી ૧૫૦ થી વધુ શિબીરાર્થી બહેનોએ સાંસ્કૃતિક માનસિક તેમજ બૌદ્ધિક વિકાસ સાથે રાષ્ટ્રભાવના જાગૃત થાય તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી નારીને શસક્તિકરણ કરવામાં આવી રહી છે ત્યારે આજે ૧૮ મે સોમવારે વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય કાર્યોધ્યક્ષ ડૉ. પ્રવિણ તોગડીયાએ હાજરી આપી દુર્ગાવાહીનીના શોર્ય પ્રશિક્ષણ વર્ગની બહેનોને માર્ગદર્શન આપ્યુ હતુ. તેમજ ઈન્ડીયા હેલ્થ લાઈન અંતર્ગત ડૉ. તોગડીયાના અધ્યક્ષસ્થાને નગરના શ્રેષ્ઠીઓ અને પ્રબુધ નાગરિકોની વિચાર ગોષ્ઠી કચ્છ કડવા પાટીદાર કન્યા છાત્રાલયમાં રાખવામાં આવી હતી.

આ પ્રસંગે અરવલ્લી જિલ્લાની પોલીસતંત્ર પણ હાજર રહ્યું હતું. આ પ્રોગામમાં વી.એચ.પી.ના જિલ્લા મંત્રી કિરીટ શાહ, રામભાઈ પટેલ, કનુભાઈ પટેલ (અનંદપુરા કંપા) તથા જિલ્લામાંથી વીએચપીના તમામ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

પાલનપુર માર્કેટયાર્ડમાં મજૂરોની અચોક્કસ મુદતની હડતાલ

પાલનપુર, તા. ૧૮

પાલનપુર માર્કેટયાર્ડમાં વેતન વધારો કરવાની માંગ સાથે અચોક્કસ મુદતની હડતાલ પાડી

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

વધારાના મુદ્દે આજથી મજૂરો હડતાલ પર ઉતર્યા હતા. માર્કેટયાર્ડના મજૂરોએ મજૂરીમાં વધારાના મુદ્દે આજથી મજૂરો હડતાલ પર ઉતર્યા હતા. જેના પગલે વેપારીઓ અને ખેડૂતોની યાતનાઓ વધી જવા પામી હતી.

પાલનપુર માર્કેટયાર્ડમાં મજૂરી કામ કરતા મજૂરોએ આજથી અચોક્કસ મુદતની હડતાલ પાડી દેતા દોડધામ મચી ગઈ હતી. મોંઘવારી વધતી જાય છે. ત્યારે છેલ્લા છ વર્ષથી ભાવ વધારો ન મળતા મજૂરો ગિન્નાયા હતા. વારંવાર કરેલી રજૂઆતો બહેરા કાને અથડાઈને પરત ફરતા આજથી તેઓએ અચોક્કસ મુદતની હડતાલ પાડી દીધી હતી.

જો કે, માર્કેટયાર્ડના સત્તાધીશોના જણાવ્યા મુજબ, જિલ્લાના અન્ય માર્કેટયાર્ડની સરખામણીએ પાલનપુરમાં વધારે મજૂરી ચુકવવામાં આવે છે. આમ છતાં મજૂરોની માંગણી અંગે વેપારી એસોસીએશન સાથે બેઠક યોજી હલ લાવવામાં આવશે.

જો કે, હાલમાં તો હડતાલ પડતા વેપારીઓ સહીત ખેડૂતોની હાલત કફોડી બની છે.

ભિલોડાના મુનાઈ ગામે સત્સંગ મેળાવડો યોજાયો

તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભિલોડા,તા.૧૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મુનાઈ ગામમાં શ્રી રામજી મંદીર પરીસરમાં શ્રીમદ્ નાથુબાપાની પુણ્યતિથી નિમિત્તે તા.૧૭/૫/૨૦૧૫ ને રવીવારના રોજ સત્સંગ મેળાવડો યોજાયો હતો.ભાવિક ભક્તોના ઘોડાપુર સત્સંગ મેળાવડામાં ઉમટ્યા હતા.ભાવિક ભક્તોએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. શ્રીમદ્ નાથુબાપા સ્મૃતી મંદીર, ટ્રસ્ટ અને મુનાઈ ગ્રામજનોએ શ્રીમદ્ નાથુબાપાની પુણ્યતિથી નિમિત્તે સત્સંગ મેળાવડાના કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

ડીસામાં ભાજપ કાર્યકરોના પાલિકા સામે વિરોધ પ્રદર્શન અને ધરણા

નાયબ કલેક્ટરને અનેક મુદ્દે આવેદનપત્ર આપ્યુ

ડીસા, તા.૧૮

ડીસામાં કોગ્રેસ અપક્ષ ગઠબંધન શાષિત પાલિકા વહીવટ વિરુદ્ધ ભાજપ મેદાનમાં આવેલ છે અને અનેકો મોરચે પાલિકા શાશકો ને ઘેરવા આજે ડીસા સાઈબાબા મંદિર નજીક ભાજપી કાર્યકરો એ ધરણા યોજયા હતા અને તેબાદ નાયબ કલેકટર કચેરી એ આવેદનપત્ર આપ્યું હતું

વહેપારી મથક ડીસા માં વર્તમાન પાલિકા સત્તાધીશો શહેરીજનો ને સુખાકારી સુવિધા આપવામાં નિષ્ફળ નીવડ્યા હોવાનો આક્ષેપ કરી આજે ડીસા શહેર ભાજપ અને ભાજપી સદસ્યો એ સત્તાધારી કોન્ગ્રેસ્સ અને અપક્ષ ગઠબંધન સરકાર સામે મોરચો માંડ્યો હતો, અને સાઈ બાબા મંદિર નજીક ભાજપી કાર્યકરો એ ધરણા -દર્શન યોજી સુત્રોચાર કર્યા હતા. આ રાજકીય ઘટના ની વાત કરીએ તો બનાસકાંઠા ની ડીસા પાલિકા રાજકીય અખાડા નું મેદાન બનેલ છે અહી સમયાંતરે સત્તા માટે ભાજપ, કોન્ગ્રેસ્સ તેમજ અપક્ષ પોતાની અનુકુળતા મુજબ રાજકીય સોગઠાં ગોઠવે છે. ત્યારે તાજેતરમાં કોન્ગ્રેસ્સ નાં કેલાશબેન શાહે અપક્ષો નાં સાથ અને સાત ભાજપી સદસ્યો ની કુણી લાગણી એ ભાજપ પાસેથી સત્તા આંચીકી લીધી હતી, રાજય

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

અને દેશમાં જયારે ભાજપ તમામ મોરચે સત્તામાં હોય ત્યારે ડીસા પાલિકા માં ઉલટી ગંગા વહી હતી, અને ભાજપે પોતાના જ સાત સભ્યો વિરુદ્ધ જે તે વખતે પક્ષાંતર ધારા નો કોરડો વિન્જયો હતો. ભૂતકાળ ની આ તમામ બાબતો વચ્ચે આજે ભાજપી કાર્યકરો એ કોન્ગ્રેસ્સ સાશિત પાલિકા શાશન સામે મોરચો માંડ્યો હતો. અને સાઈબાબા મંદિર નજીક ધરણા યોજયા હતા, જેમા ગુજરાત -દેશ ભાજપ બક્ષીપંચ મોરચના ચેરમેન દિનેશભાઈ અનાવાડીયા, ગુજરાત સરકારના શ્રમ કલ્યાણ બોર્ડ ના ડીરેક્ટર શશીકાંતભાઈ પંડ્યા, પૂર્વ પાલિકા -મુખ ડો. તેજલબેન પટેલ, તેમજ ડીસા શહેર ભાજપ -મુખ ડો, દિનેશભાઈ પટેલ સહીત ભાજપી કોર્પોરેટરો અને કાર્યકરો જોડાયા હતા, જેમને ધરણા બાદ રેલી કાઢી ડીસાના નાયબ કલેકટર કચેરી એ પહોચી આવેદન પત્ર આપ્યું હતું, જેમાં ભાજપી કાર્યકરો એ ડીસા પાલિકામાં ગંદકીના ખડકલા, પાણી ની સમસ્યા તાત્કાલિક દુર કરવાની રજૂઆત કરાઈ હતી. આ મામલે પાલિકા સત્તાધીશો તાત્કાલિક કાર્યવાહી નહિ કરે તો લડત ઉગ્ર બનાવાશે તેવું ડીસા શહેર ભાજપ -મુખે જણાવ્યું હતું.

ઓલ્મપીયાડ ડાન્સ શૉ માં પ્રાંતિજના ૪ બાળકોની પસંદગી

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૧૮

વી ટીવી ગુજરાતી ઉપર ચાલુ થનાર ગુજરાત ડાન્સીંગ ઓલ્મપીયાડ શૉ માં કોરિયોગ્રાફર હાર્દિક બ્રહ્મભટ્ટના નેજા હેઠળ પ્રાંતિજના ચાર બાળકો ગુજરાતના ટોપટેનમાં સિલેક્ટ થયા છે. જેમાં કિટ્સ કેટેગરીમાં સોની પ્રિયાસુ, જુનિયરમાં સોની પરિતા, ઓપનમાં ચૌહાણ ભુમી અને ભીલ સુનીલનું સિલેક્શન થયુ છે. હવે આ બાળકો ટોપ ફાઈવના સિલેક્શન માટે વડોદરા ખાતે પોતાનું પર્ફોમન્સ આપશે. આ બાળકો આગળ પણ સાબરકાંઠા અને પ્રાંતિજનું નામ રોશન કરશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦